# પાણિનીય વ્યાકરણમાં સંજ્ઞાઓ અને તેમની ઉપયોગિતા

ડૉ.અમૃતલાલ વી.દેસાઈ

સંસ્કૃત ભાષાનું સમગ્ર વ્યાકરણ આપવા માટે આચાર્ય પાણિનિએ "અષ્ટાધ્યાયી" નામનો ગ્રન્થ લખ્યો છે. આ ગ્રન્થ સંસ્કૃતમાં છે અને સૂત્રશૈલીથી લખાયેલો છે.એક અંદાજ મુજબ એમના આ ગ્રન્થમાં 3996 સૂત્રો છે.[1] જે શૈલીએ આ ગ્રન્થ લખાયેલો છે એ સૂત્રશૈલીમાં કેટલીક વિશેષતાઓ રહેલી છે,તે બતાવતાં જણાવાયું છે કે –

स्वल्पाक्षरमसन्दिग्धं सारवद् विश्वतोमुखम् ।
अस्तोभमनवद्यश्च सूत्रं सूत्रविदो विदुः ।।

અર્થાત્ અમુક વિષયનું પ્રતિપાદન કરવા લખાયેલા એ સૂત્રો સ્વલ્પાક્ષર ,અસંદિગ્ધ ,વિશ્વતોમુખ , અસ્તોભ અને અનવદ્ય હોય છે .આમ સૂત્ર એ અલ્પાક્ષર હોવાથી તે શૈલીમાં લખાયેલ ગ્રન્થમાં લાઘવ આપમેળે સધાય છે .વૈયાકરણ પાણિનિને પણ લાઘવ પ્રિય છે; અને એ માટે જ તેમણે સંસ્કૃતનું વ્યાકરણ લખવા માટે આ સૂત્રશૈલી અપનાવી છે .આ લાઘવ કરી આપનારી સૂત્ર શૈલીમાં પણ હજુ વધારે લાઘવ સાધી શકાય એ માટે એમણે બીજી કેટલીક પ્રયુક્તિઓ પણ અજમાવી છે .જેમકે અનુવૃત્તિની પ્રયુક્તિ ,

પ્રત્યાહારની પ્રયુક્તિ; પરિભાષા સૂત્રો; ગણપાઠ વગેરે .આ બધાના ઉપયોગથી પાણિનીય વ્યાકરણ ખૂબ જ ઓછા કદમાં સમાપ્ત થયું છે .આ જ પરંપરામાં તેમણે અનેક સંજ્ઞીઓનો એક સાથે બોધ કરાવી આપે તેવી સંજ્ઞાઓનો પણ પોતાના સમગ્ર વ્યાકરણશાસ્ત્રમાં છૂટથી ઉપયોગ કર્યો છે .આવી સંજ્ઞાઓ પૈકી તિઙન્તપદની રૂપસિદ્ધિ માટે ઉપયોગી સંજ્ઞાઓનો અભ્યાસ કરવાનો અહીં ઉપક્રમ છે.

જેનાથી કોઈ વસ્તુનું જ્ઞાન થાય તેને 'સંજ્ઞા' કહે છે .संज्ञायते अनया सा संज्ञा । સંજ્ઞા શબ્દના ઉચ્ચારણથી ચાહેલ વ્યક્તિ કે વસ્તુની સાથેનો વ્યવહાર સરળતાથી સંપન્ન થઈ શકે છે .વળી ,આવા સંજ્ઞા શબ્દના પ્રયોગથી વ્યવહારમાં લાઘવ પણ કહે છે .આથી પ્રાચીન ગ્રન્થોમાં પણ લાઘવ આણવા માટે સંજ્ઞાનો પ્રયોગ કરવા ઉપર ભાર મૂકાયો છે .યાસ્કાચાર્યે પદચતુષ્ટય=નામ ,આખ્યાત ,ઉપસર્ગ અને નિપાતની ચર્ચામાં લખ્યુ છે કે "શબ્દો વ્યાપક )નિત્ય (હોઈને ,લોકમાં વ્યવહારાર્થે શબ્દોની 'સંજ્ઞા' કરવામાં આવી છે."[2] વળી ,ઘણા જ ટૂંકા રસ્તે પરસ્પરનો વ્યવહાર સિદ્ધ થઈ શકે ,એ માટે લોકમાં 'સંજ્ઞા' કરાય છે ,એમ સૂચવતી लघ्वर्थं हि संज्ञाकरणम् । એવી ઉક્તિ પા 27-2-1 .સૂત્ર ઉપરના ભાષ્યમાં પણ

[1] त्रीणी सूत्रसहस्त्राणि तथा नवशतानि च ।
षष्णवर्ति च सूत्राणां पाणिनिः कृतवान्स्वयम् ।। (कस्यापि)

[2] अणीयस्त्वाच्च शब्देन संज्ञाकरणम्, व्यवहारार्थं लोके ।। -निरुक्तम् (दुर्गाचार्यकृतीकासमेतम्), आनन्दाश्रमसंस्करण, पूना; (भा. 1)

પ્રસિદ્ધિ છે .પતંજલિએ 'महाभाष्य'માં જણાવ્યું છે તેમ સંજ્ઞા એક હોય છે અને તે અનેક સંજ્ઞાઓની પ્રતીતિ કરાવે છે.[3] આથ પણ સ્વાભાવિક રીતે જ સંજ્ઞાઓના પ્રયોગથી લાઘવસિદ્ધિ થાય છે.

વ્યાકરણશાસ્ત્રમાં પાણિનિએ જે ષડ્વિધસૂત્રો [4] રચ્યાં છે ,તેમાં કેટલાક વિધાનો કરવાના ઈરાદાથી વિધિસૂત્રો રચ્યાં છે; તો વળી ,કોઈક વાર વ્યાકરણ શાસ્ત્રની તાંત્રિક વ્યવસ્થા ગોઠવવાના ઈરાદે કેટલાક પરિભાષા સૂત્રો રચ્યાં છે; ત્યાં જ પોતે વાપરેલી સંજ્ઞાઓની સમજ આપવા તેઓએ સંજ્ઞા સૂત્રો પણ રચ્યાં છે .આ સંજ્ઞાસૂત્રોમાં પાણિનિએ ક્યારેક વર્ણો ,ક્યારેક પ્રત્યયો અને ક્યારેક શબ્દ સ્વરૂપો માટે જુદી -જુદી સંજ્ઞાઓ પ્રયોજી છે .સામાન્ય રીતે લોકવ્યવહારમાં પણ દરેક પદાર્થને જે -તે સંજ્ઞા આપવામાં આવતી હોય છે .અને એના ઉચ્ચારણ થકી તે પદાર્થને વિશે વ્યવહાર કરવામાં આવતો હોય છે .જેમકે ,वारि = व आ र् इ - આ ધ્વનિઓથી બનેલ 'वारि' સંજ્ઞા કે નામ ઉચ્ચારવાથી આપણી સમક્ષ નદી વગેરે સ્થળે વહેતો પ્રાણીની તૃષ્ણા સંતોષતો પ્રવાહી પદાર્થ ઉપસ્થિત થાય છે .એ સંજ્ઞાના વ્યવહારથી પદાર્થની આપ-લે કરી માનવીય વ્યવહાર સંપન્ન કરવામાં આવે છે .એ જ રીતે ,આ પાણિનીય વ્યાકરણશાસ્ત્રમાં પોતે સ્વીકારેલી કેટલીક સંજ્ઞાઓના ઉચ્ચારણથી અમુક નિશ્ચિત સંજ્ઞીઓની ઉપસ્થિતિ થાય છે અને તેમને લગતો વ્યાકરણશાસ્ત્રીય વ્યવહાર સંમ્પન્ન કરવામાં આવે છે.

(1) પાણિનિ પ્રયુક્ત સંજ્ઞાઓઃ

પાણિનિએ 'અષ્ટાધ્યાયી'માં જે કેટલીક સંજ્ઞાઓ પ્રયોજી છે; તેમની સંખ્યા બાબતે આધુનિક વિદ્વાનોમાં વિવિધ મતો પ્રવર્તે છે .કેટલાક વિદ્વાનોના મતે આવી સંજ્ઞાઓ સો થી વધુ છે .તો બીજા કેટલાક વિદ્વાનો સો થી ઓછી સંજ્ઞાઓ માને છે. પ્રો. કે.વી. અભ્યંકરના મતે અષ્ટાધ્યાયીમાં સો સંજ્ઞાઓ પ્રયોજાઈ છે .આ એક સો સંજ્ઞાઓને તેમણે પાંચ વિભાગમાં વહેંચી છે.[5] જેમકે-

(૨) અવ્યાખ્યાત સંજ્ઞાઓઃ -અર્થાત્ જેમની વ્યાખ્યા પાણિનિએ આપી નથી ,પરંતુ સીધો જ તેમનો પ્રયોગ કર્યો છે .દા.ત .પ્રથમા ,દ્વિતીયા વગેરે .આવી અવ્યાખ્યાત સંજ્ઞાઓ પૂર્વાચાર્યોના ગ્રંથમાંથી લેવામાં આવી હશે; એમ મનાય છે.

(૩) સંગ્રાહક સંજ્ઞાઓઃ અર્થાત્ જે અમુક ધ્વનિશ્રેણીઓનો સંગ્રહ સૂચવનારી છે .દા.ત .તદ્ધિત ,કૃત્ વગેરે . આવી સંજ્ઞાઓ પોતાનામાં અનેક શબ્દોને )=ધ્વનિશ્રેણીઓને (સમાવી રાખે છે .

(૪) અર્થસંજ્ઞાઓઃ અર્થાત્ સંજ્ઞા શબ્દના પોતાના યૌગિક અર્થ વડે સંજ્ઞાઓનો બોધ કરાવી આપે એવી .આ સંજ્ઞાઓમાં કર્મપ્રવચનીય ,સર્વનામ વગેરેનો સમાવેશ થાય છે .આવી સંજ્ઞાઓ તે સંજ્ઞાઓના પોતાના શબ્દાર્થ

---

[3] तेन मन्यामहे - यया प्रत्याय्यन्ते सा संज्ञा, ये प्रतीयन्ते ते संज्ञिन इति ।। - महाभाष्यम्, सं. आचार्य मधुसूदन प्रसाद, प्रका. चौखम्बा विद्याभवन, वाराणसी, सन् 1978, संस्करण द्वितीय;पृ. 213.

[4] संज्ञा च परिभाषा च विधिर्नियम एव च ।
अइतिदेशोडधिकारश्च षड्विधं सूत्रमुच्यते ।। - (परम्पराम्प्रसिद्धिरस्त्यस्य श्लोकस्य)

[5] व्याकरण महाभाष्यम् (मराठी अनुवाद) (प्रस्तावना खण्ड) भाग-7; सं. पं. काशीनाथ वासुदेव शास्त्री अभ्यंकर, देक्कन कोलेज, पूनाः सन् 1954 पृ. 163-164.

મુજબની નિર્ધારિત કરી આપવાની પણ યોગ્યતા ધરાવતી હોય છે .જેમકે 'કર્મપ્રવચનીય'[6] એ સંજ્ઞા કર્મને કહેનારા એવા સંજ્ઞીઓનો=प्रति, अनु વગેરેનો ,બોધ કરાવે છે .જો કે આ વિધાનને ચોક્કસ રીતે વળગી રહી શકાય એમ નથી .અહીં કેટલીક છૂટછાટો પણ લેવાઈ છે (.પ્રત્યય કે શબ્દાંશાદિની સંજ્ઞાઓઃ આવી સંજ્ઞાઓ શબ્દ કે પ્રત્યયોના અંશની ઓળક માટેની સંજ્ઞાઓ હોય છે .દા.ત .સાર્વધાતુક ,આર્ધધાતુક વગેરે; અને છેલ્લે

(5) લાઘવ પૂર્ણ સંજ્ઞાઓઃ - આ સંજ્ઞાઓ ટૂંકુ શરીર ધરાવનારી હોય છે .દા.ત .टि, घु, घि, भ વગેરે .આ એકાક્ષરી સંજ્ઞાઓ છે; અને એમના ઉચ્ચાર થકી અનેક સંજ્ઞીઓનો બોધ કરી શકાય છે.

આ ઉપરાન્ત પાણિનીય વ્યાકરણમાં જે સંજ્ઞાઓનો પ્રયોગ થયો છે ; તે બધી સંજ્ઞાઓને એક અન્ય રીતે પણ વિભાજિત કરવામાં આવે છે .જેમકે કૃત્રિમ અને અકૃત્રિમ .એટલે કે જે પાણિનીય વ્યાકરણ માટે જ બનાવવામાં આવી છે અને ત્યાં જ વપરાય છે ,તેવી કૃત્રિમ સંજ્ઞાઓ અને અકૃત્રિમ અર્થાત્ જે લોકવ્યવહારમાં પણ સંજ્ઞા તરીકે પ્રયોજાય છે ,તે.

ઉપર જોયું તેમ લોકવ્યવહારને માટે વૈશ્વિક પદાર્થોની પણ સંજ્ઞાઓ રાખવામાં આવી છે .આ રીતના સંજ્ઞા શબ્દો= નામ શબ્દોના ઉચ્ચારણથી માનવ વ્યવહાર ચાલે છે .જેમકે अग्नि એમ કહેતાં તે સંજ્ઞા શબ્દ કે નામ શબ્દથી ઉષ્ણત્વવિશિષ્ટ ,રસોડામાં દ્રષ્ટિગોચર થતો ,પકવવા માટે ઉપયોગી એવો પદાર્થ સૂચિત બને છે; અને તેના સંદર્ભમાં વ્યવહાર કરાય છે.

પાણિનીય વ્યાકરણશાસ્ત્રમાં એક બાજુ લોકપ્રસિદ્ધ આવા સંજ્ઞા શબ્દો=નામશબ્દોનો યત્ર તત્ર પ્રયોગ થયો છે ,તો બીજી બાજુ વ્યાકરણશાસ્ત્રે પોતે પોતાના જરૂરી એવાં કેટલાંક કાર્યોની સિદ્ધિ માટે કેટલીક સંજ્ઞાઓ બનાવી છે; અને એ સંજ્ઞાનો પણ યત્ર તત્ર પ્રયોગ કરવામાં આવ્યો છે .આમ જેમ લોકમાં કેટલાક સંજ્ઞા શબ્દો પ્રચલિત છે ,તેમ પાણિનીય વ્યાકરણશાસ્ત્રમાં પણ કેટલાક સંજ્ઞા શબ્દો પ્રચલિત છે .પરંતુ લોકમાં અને વ્યાકરણશાસ્ત્રમાં ફરક એ છે કે લોકમાં જ્યાં 'अग्नि' એમ કહેતાં अ, ग्, न्, इ જેવો ધ્વનિ માત્ર સૂચિત થાય છે) .એટલે કે પાણિનીય વ્યાકરણમાં જ્યારે એમ કહેવાય કેઃ 'अग्नेः ढक् ।' ત્યારે સાંભળનારી વ્યક્તિ अ, ग्, न्, इ =अग्नि એવું ધ્વન્યાત્મક રૂપ લઈને તેનાથી ढक् પ્રત્યય કરે છેઃ अग्नि + ढक् એમ.

આ રીતે સ્પષ્ટ થયું કે વ્યાકરણશાસ્ત્રમાં શબ્દના ઉચ્ચારણથી શબ્દનું પોતાનું સ્વરૂપ ગૃહીત થાય છે; જગત્ માં રહેલો કોઈ પદાર્થ વિશેષ ગૃહીત થતો નથી .અલબત્ત ,આ સ્થિતિ પાણિનીય વ્યાકરણશાસ્ત્રમાં વપરાયેલાં બધા શબ્દોને માટે નથી .સૂત્રકારે स्वं रूपं शब्दस्याशब्दसंज्ञा । પા 1.1.67 .સૂત્રથી આ અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું છે .આ સૂત્રમાં જણાવ્યા પ્રમાણે પાણિનીય વ્યાકરણશાસ્ત્રમાં શબ્દનું પોતાનું રૂપ એટલે કે તે શબ્દમાં ચોક્કસ ક્રમે વપરાયેલા વર્ણોને સંજ્ઞી તરીકે લેવાના છે અને શબ્દ પોતે સંજ્ઞા છે એમ સમજવાનું

---

[6] कर्मप्रवचनीयाः । पा.सू.1-4-83 ઉપરનાં ભાષ્યમાં આ સંજ્ઞાને અન્વર્થ જાહેર કરી છે. દ્રષ્ટવ્ય – "किमर्थं महती संज्ञा क्रियते ?" अन्वर्थसंज्ञा यथा विज्ञायेत - महाभाष्यम् -सं. पंडित वेदव्रत, प्रका. हरयाणा संस्थान, भज्जर (रोहतक) सन् - 1963, द्वितीय भाग; पृ. 456

છે .આથી 'अग्नि' એમ કહેતાં अ, ग्, न्, इ એવી વર્ણોની અનુપૂર્વી સંજ્ઞી તરીકે ઉપસ્થિત રહેશે અને આ સંજ્ઞી ઉપર કાર્ય થશે .પરન્તુ આ સૂત્રમાં આવતાં **शब्दसंज्ञा** પદથી એમ સ્પષ્ટ કર્યું છે કે આ વ્યાકરણશાસ્ત્રમાં વપરાયેલી **गुण**, **वृद्धि**, **टी**, **धु**, **भ** વગેરે સંજ્ઞાઓ માટે શબ્દનું પોતાનું રૂપ સંજ્ઞી તરીકે લેવાતું નથી .પરન્તુ વ્યારણશાસ્ત્રે પોતે **गुण** વગેરે સંજ્ઞાઓની )તે તે સંજ્ઞાસૂત્રમાં (જે સંજ્ઞીઓ જાહેર કરી રહી છે ,તે લેવાય છે .જેમકે ,**वृद्धिर्यस्याचामादिरतद् वृद्धम्** । પા 71-1-1 .સૂત્રમાં '**वृद्धि**' એ સંજ્ઞાવાચક પદ છે .આથી અહીં **वृद्धि** એમ કહેતાં व् ऋ द् ध् इ એવી વર્ણાનુપૂર્વીથી વિશિષ્ટ શબ્દ સ્વરૂપનું કે વધવા રૂપ કોઈ ક્રિયા કે ઘટનાનું ગ્રહણ થતું નથી .બલ્કે પાણિનિ એ **वृद्धिरादैच्** । પા 1-1-1 .એ સંજ્ઞાસૂત્રમાં જેમની વૃદ્ધિ સંજ્ઞા કરી છે ,તેવા आ, ऐ, औ એ ત્રણ સંજ્ઞીઓનું ગ્રહણ કરવાનું રહે છે.

આમ ,લોકવ્યવહારમાં જે તે પદાર્થ માટે વપરાતાં શબ્દો માટે અને પાણિનીય વ્યાકરણ શાસ્ત્રે પોતાની યાંત્રિક વ્યવસ્થાને ચલાવવા સારુ સૂચવેલા સંજ્ઞા શબ્દો માટે બે જુદી જુદી વ્યવસ્થાઓ છે ; એ ધ્યાન રાખવું જોઈએ.